ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૪-૦૮-૨૦૨૬**

- **રાજ્યના બક્ષીપંચ, આર્થિક રીતે નબળા અને વિચરતી વિમુક્ત જાતિના ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ છ મહિના કરતા વધુ સમયથી સ્કોલરશિપથી વંચિત...!**
- **કેન્દ્રની ગ્રાન્ટ ગુજરાતને ન મળતા પી.એમ. યશસ્વી પ્રી-મેટ્રિક-પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ અટકી : વાલીઓને કોલેજ-કચેરીઓના ધક્કા : ડૉ. મનિષ દોશી**
- **બક્ષીપંચ, આર્થીક રીતે નબળા અને વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપની રકમ તાત્કાલીક છુટી કરવા મુખ્યમંત્રીશ્રીને કોંગ્રેસ પક્ષે પત્ર લખી કરી માંગ : ડૉ. મનિષ દોશી**

રાજ્યના બક્ષીપંચ, આર્થિક રીતે નબળા અને વિચરતી વિમુક્ત જાતિના ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ છ મહિનાથી સ્કોલરશીપ થી વંચિત છે. કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ન મળતા પીએમ યશસ્વી પ્રીમેટ્રીક અને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ અટકી પડી છે. જેના લીધે વિદ્યાર્થી-વાલીઓને કોલેજ-કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યાં છે. ત્યારે, બક્ષીપંચ, આર્થિક રીતે નબળા અને વિચરતી વિમુક્ત જાતિના હજારો વિદ્યાર્થીઓની સ્કોલરશીપની રકમ તાત્કાલીક છુટી કરવા મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા પી.એમ. યશસ્વી પ્રી-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક સ્કોલરશિપ યોજના હેઠળ બક્ષીપંચ (OBC), આર્થિક રીતે નબળા વર્ગ (EBC) અને વિચરતી-વિમુક્ત જાતિ (DNT)ના વિદ્યાર્થીઓને મળવા પાત્ર સ્કોલરશિપ આજદિન સુધી મળી નથી. પ્રી-મેટ્રિકના આશરે ૪,૨૫,૦૦૦ અને પોસ્ટ-મેટ્રિકના આશરે ૫,૦૦,૦૦૦ કુલ ૯ લાખથી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને છ મહિનાથી વધુ સમયથી સ્કોલરશિપથી વંચિત રાખવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ગ્રાન્ટ ન મળવાને કારણે તેમજ ઓનલાઈન સ્કોલરશિપ અને નેશનલ સ્કોલરશિપ પોર્ટલમાં ટેકનીકલ ખામીને કારણે હજારો વિદ્યાર્થીઓની સ્કોલરશિપ અટવાઈ પડી છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ વારંવાર શાળા-કોલેજ તેમજ સરકારી કચેરીઓમાં ચક્કર કાપી રહ્યા છે, પરંતુ કોઈ નક્કર જવાબ મળતો નથી. ગણવેશ, સાયકલ, હોસ્ટેલ ફૂડ બિલ જેવા અન્ય લાભો પણ ગ્રાન્ટના અભાવે અટકી પડ્યા છે. પરિણામે વિદ્યાર્થીઓને અભ્યાસમાં નાણાના અભાવે તકલીફ અનુભવવી પડી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ મુખ્યમંત્રીને પત્ર લખીને માંગ કરી છે કે બક્ષીપંચ (OBC), આર્થિક રીતે નબળા (EBC) અને વિચરતી-વિમુક્ત જાતિ (DNT)ના વિદ્યાર્થીઓને તાત્કાલિક નિયમ મુજબ પી.એમ. યશસ્વી પ્રી-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક સ્કોલરશિપ મુક્ત કરવામાં આવે, જેથી આ વિદ્યાર્થીઓ તકલીફ વિના અભ્યાસ આગળ ધપાવી શકે.

રાજ્ય સરકાર તાત્કાલિક પગલાં લઈ હજારો વિદ્યાર્થીઓની મુશ્કેલીનું નિવારણ કરે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે..

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા